80 Years

# શ્રી ખડાયતા યુવક સંઘ (રજીસ્ટર્ડ)

ચંદુલાલ ટી. પરીખ, ખડાયતા ભવન, ૨૧૩, રાજા રામમોહન રાય માર્ગ,
પ્રાર્થના સમાજ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

## ૮૦ વર્ષ

**૨૦૧૧–૨૦૧૨**

તા. ૧.૪.૨૦૧૧ થી તા. ૩૧.૦૩.૨૦૧૨ સુધી

## હિસાબ અને અહેવાલ



❖ પ્રમુખ ❖

શ્રી યોગેશભાઇ કિર્તનલાલ શાહ

❖ ઓડીટર્સ ❖

મનોજ ઓ. શાહ એન્ડ કંપની

# ખડાયતા યુવક સંઘ ના વિવિધ કાર્યક્રમોની ઝલક



















# શ્રી ખડાયતા યુવક સંઘ (રજીસ્ટર્ડ)

ચંદુલાલ ટી. પરીખ, ખડાયતા ભવન, ૨૧૩, રાજા રામમોહન રાય માર્ગ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

## વાર્ષિક સામાન્ય સભાની નોટિસ

તા. : ૦૮.૦૩.૨૦૧૩

શ્રીમાન / શ્રીમતી

સવિનય વિનંતી સાથે જણાવવાનું કે શ્રી ખડાયતા યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૩૦.૦૩.૨૦૧૩ ના રોજ સાંજે ૬.૦૦ કલાકે શ્રી ચંદુલાલ ટી. પરીખ ખડાયતા ભુવન, ચર્નીરોડ ખાતે નીચે જણાવેલા કાર્ય માટે રાખવામાં આવી છે તો તે સમયે હાજર રહેવા વિનંતી છે.

### કાર્યસૂચિ :

૧) ગત તા.૨૧.૧૦.૨૦૧૧ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની મીનીટ્સ વાંચી મંજુર કરવી.
૨) તા. ૩૧.૦૩.૨૦૧૨ના રોજ પૂરા થયેલા વર્ષના ઓડિટેડ હિસાબો તથા તા. ૨૧.૧૦.૨૦૧૧ થી ૨૫.૧.૨૦૧૨ દરમિયાનનો અહેવાલ વાંચી મંજૂર કરવો.
૩) વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી કરવી.
૪) વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે અન્વેષકની નિમણૂંક કરવી તથા તેઓનું મહેનતાણું નક્કી કરવું.
૫) પ્રમુખશ્રી ની રજાની અન્ય જે રજૂ થાય તે.

તા.ક. : કોરમના અભાવે મુલત્વી રહેલી સભા એ જ દિવસે સભાના નક્કી કરેલા સમય પછી અડધા કલાક બાદ એ જ સ્થળે એ જ કાર્ય માટે મળશે. જે સમયે હાજર રહેલા સભ્યો કોરમ ગણાશે તેની નોંધ લેશોજી.

લી. મંત્રીશ્રીઓ
શ્રી મયુર કે. શાહ
શ્રી પ્રેમલ કે. શેઠ
શ્રી ગોપાલ આર. શાહ

નોંધ :
૧) શ્રી ખડાયતા યુવક સંઘની નવા વર્ષની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં જે સભ્યો ઉમેદવાર તરીકે ઉભા રહેવા ઇચ્છતા હોય તે સભ્યોએ પોતે પોતાનાં લેખિત ઉમેદવારી પત્રો અથવા ઉભા રહેનાર સભ્યની સંમતિથી બીજા સભ્યો લેખિત નોમિનેશન પત્ર (એક સભ્ય વધુમાં વધુ બે સભ્યોની ઉમેદવારી માટે નોમિનેશન પત્ર મોકલી શકે) મોડામાં મોડા મંગળવાર, તા.૨૬.૦૩.૨૦૧૩, સાંજના ૬.૦૦ ક. સુધીમાં ઉપરોક્ત જણાવેલ સ્થળે મેનેજરને મોકલી આપવાના રહેશે. ત્યારબાદ ઉમેદવારી પત્રો સ્વીકારવામાં આવશે નહિ. ગત વર્ષની વ્યવસ્થાપક સમિતિના સભ્યો ઉમેદવાર તરીકે ઉભા રહેવા ઇચ્છતા હોય તો તેઓએ પણ લેખિત પત્રકો મોકલવાના રહેશે.
૨) શક્યતઃ ઉમેદવારી પત્રોમાં સભ્યપદ સંખ્યા લખવી.
૩) લેખિત રજાની મંજૂરી વગર વાર્ષિક સામાન્ય સભામાં ગેરહાજર રહેનાર સભ્યની ઉમેદવારી ગેરલાયક ઠરશે.

# શ્રી ખડાયતા યુવક સંઘ (રજીસ્ટર્ડ)

## વ્યવસ્થાપક સમિતિના સભ્યો વર્ષ ૨૦૧૧-૨૦૧૨

### પ્રમુખ

શ્રી યોગેશભાઈ કિર્તનલાલ શાહ (૫)

### ઉપ-પ્રમુખ

શ્રી જીજ્ઞેશભાઈ શાંતિલાલ શેઠ (૫)    શ્રી અમીતભાઈ શાહ (૫)

### માનદ્ મંત્રી

શ્રી મયુરભાઈ કે. શાહ (૪)    શ્રી પ્રેમલભાઇ કે. શાહ (૪)    શ્રી ગોપાલભાઇ આર. શાહ (૨)

### ખજાનચી

શ્રી અનુજભાઇ ઓ. શાહ (૧)

### ટ્રસ્ટીઓ

| | |
|---|---|
| શ્રી અરવિંદભાઇ એમ. શાહ(૫) | શ્રી હિતેન્દ્રભાઈ ગાંધી (૨) |
| શ્રી વિનોદભાઇ એસ. શાહ (૫) | શ્રી સંજયભાઇ સુતરીયા (૨) |

### કમીટી મેમ્બર

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી અરવિંદભાઇ પારેખ | (૧) | શ્રીમતી છાયાબેન સુતરીયા | (૦) | શ્રી પુરજંયભાઇ ગાંધી | (૪) |
| શ્રી અશોકભાઇ મેરવાણા | (૫) | શ્રી દીલીપભાઇ એમ. શાહ | (૦) | શ્રી રશ્મીભાઇ એમ. શાહ | (૨) |
| શ્રી અશોકભાઇ કે. શાહ | (૨) | શ્રી ધર્મેશભાઇ બી. શાહ | (૨) | શ્રીમતી શીલાબેન સી.શાહ | (૨) |
| શ્રી અશ્વિનભાઇ કોઠારી | (૧) | શ્રીમતી હર્ષાબેન એચ. શાહ | (૧) | શ્રી તુષારભાઇ સી. શાહ | (૦) |
| શ્રી ભદ્રેશભાઇ શાહ | (૨) | શ્રીમતી હીરલબેન જે. શેઠ | (૧) | શ્રી વિજયભાઇ એસ. શાહ | (૩) |
| શ્રી ભાવેશભાઇ આર. શાહ | (૦) | શ્રીમતી જયતીબેન શાહ | (૧) | શ્રી વિજયભાઈ સી. શાહ | (૨) |
| શ્રીમતી ભ્રાંતિબેન વાય.શાહ | (૨) | શ્રી મેહુલભાઇ જે. શાહ | (૪) | શ્રી વિપુલભાઇ એન. શાહ | (૩) |
| શ્રી ચેતનભાઇ કે. શાહ | (૦) | શ્રી પ્રેમલભાઇ આર. પરીખ | (૪) | | |

### કો-ઓપ્ટ સભ્યો

શ્રી પ્રબોધભાઇ પરીખ (૦)    શ્રી અનિલભાઇ કે. શાહ (૦)

### આમંત્રિત સભ્યો

| | | | |
|---|---|---|---|
| શ્રી ભૂપેન્દ્રભાઇ એચ. શાહ | (૦) | શ્રીમતી જયના એચ. ગાંધી | (૧) |
| શ્રી વસંતભાઇ એમ. શાહ | (૧) | શ્રી જયેશભાઈ સી. શાહ | (૧) |
| શ્રી સંજયભાઈ એચ. શાહ | (૦) | શ્રી ગોપેન્દ્રભાઇ એચ. શાહ | (૦) |
| શ્રીમતી પુર્ણિમાબેન શાહ | (૧) | શ્રી કૌશલભાઇ પી. શાહ | (૦) |
| શ્રીમતી પ્રેમિલાબેન બી. શાહ | (૧) | શ્રી સુભાષભાઇ કે. શાહ | (૧) |

### માજી પ્રમુખ

| | | | |
|---|---|---|---|
| શ્રી સન્મુખભાઇ શાહ | (૪) | શ્રી જીતેન્દ્રભાઇ પરીખ | (૧) |
| શ્રી ભરતભાઇ કે. શાહ | (૩) | શ્રી હિતેન્દ્રભાઇ ગાંધી | (૨) |
| શ્રી ચંદ્રકાંત એમ. શાહ | (૧) | શ્રી સંજયભાઇ સુતરીયા | (૨) |

નોંધ : વર્ષ દરમ્યાન કારોબારીની ૫ મીટીંગો મળી હતી.કૌસમાં દર્શાવેલ સંખ્યા મેમ્બરની મીટીંગમાં હાજરી સૂચવે છે.

# પ્રમુખશ્રી નું નિવેદન....

બસ પલળવું એ જ આશય હોય છે, કોઇ પણ આંખે જળાશય હોય છે :
માત્ર શ્રધ્ધા પર બધો આધાર છે, કયાં બધા પથ્થર શિવાલય હોય છે ?

સ્નેહી સ્વજનો,

શ્રધ્ધાનું સરનામું નથી હોતું. નદી કિનારે રઝળતો પથ્થર પ્રાણ પ્રતિષ્ઠા પામે ને શિવલીંગ બની જાય. આપના પરની મારી શ્રધ્ધા અને આપની મારા પરની શ્રધ્ધા જ મને કાર્યરત રાખતી રહી છે. કાર્યની કલ્પનાને સહકારનો અભિષેક થતો રહ્યો ને સાફલ્યના ચંદન અર્ચન થતાં રહ્યાં. દરેક કાર્યક્રમ-પારંપારિક અને નવતર-દરેક વખતે આપની ઉત્સાહપૂર્વક હાજરી સમગ્ર ટીમની મહેનતને કાર્ય સંતોષના પીયૂષ પીવડાવતી રહી. સાભાર વંદન.

બે અતિ મહત્વનાં કાર્યો આપના સાથ, શ્રધ્ધા અને સહકારથી કરી શકયો તેનો સાનંદ સંતોષ છે.

૧) **રજીસ્ટ્રેશન :** શ્રી ખડાયતા યુવક સંઘ હવે રજીસ્ટર્ડ સંસ્થા છે. મારા મિત્ર તેમ જ કન્વીનર **શ્રી અનિલભાઇ કે. શાહ (C.A.)** તથા તેમના પુત્ર ચિ. **અચલ (C.A.)** ના સઘન પ્રયત્નોથી આ મૂશ્કેલ કામ આપણે પાર પાડી શક્યા છીએ. વ્યકિતગત રીતે હું તથા સંસ્થા તેઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

   રજીસ્ટ્રેશન થવાથી સંસ્થાને T.D.S. માં ફાયદો થશે, વ્યાજમાંથી કપાત નહીં થાય ઘટતી જતી વ્યાજની આવકમાં બચત એ બીજી કમાણી જ છે. **સંસ્થાનું PAN CARD આવી ગયું છે.**

૨) **બંધારણનું પુનર્ગઠન :** સંસ્થા પાસે છપાયેલું બંધારણ વર્ષ ૧૯૭૨ નું હતું. તે વખતે શ્રી મધુસુદન ચંદુલાલ પરીખ પ્રમુખ હતાં. ત્યારબાદ કેટલાક ફેરફારો જે તે વાર્ષિક સભામાં થયા હતાં. પણ આટલા લાંબા સમયબાદ, સંપૂર્ણ અવલોકન અને જરૂરી ફેરફારો આવશ્યક હતાં. કન્વીનર **શ્રી ભરતભાઈ કે. શાહ**ના અનુભવનો લાભ લઇ, સબકમિટીના સહકારથી નવું બંધારણ નવા કલેવર સાથે રજૂ કરતાં આનંદ અનુભવું છું. આજના અહેવાલની સાથે જ તે સંલગ્ન છે, જે સાચવી રાખશો.

શ્રી ખડાયતા યુવક સંઘના પ્રમુખપદે વરણી રોમાંચક રહી. મારા માતામહ શ્રી ત્રિભુવનદાસ ચુનીલાલ શાહ (આદ્યતંત્રી : ખડાયતા યુવક)ની આ જ સંસ્થાના પ્રમુખપદે વર્ષ ૧૯૪૬-૧૯૪૭ (સંવત ૨૦૦૨-૦૩) માં વરણી થઇ હતી. એમના નકશેકદમ પર પગલાં મૂકવાનો રોમાંચ કંઇક ઓર જ છે. આપ સૌએ મારામાં મૂકેલા વિશ્વાસનું પ્રતિક એટલે જ પ્રથમ સભામાં ઉપરોક્ત બંને કાર્યો માટે આપે આપણી સસ્મિત મંજૂરી અને વિશ્વાસના પ્રતિઘોષરૂપે બંને અતિમહત્વના મધૂરફળ આપનાં કરકમલોમાં.

વર્ષના કાર્યક્રમોની શરૂઆત એલીફન્ટા કેઝની ખાતે ક્રિસમસ ક્રેઝી પીકનીક થી કરી, ત્યારબાદ આંતર એકડા ક્રિકેટ સ્પર્ધામાં યુવાવર્ગનો ઉભરાતો ઉત્સાહ માણ્યો. હવે આપણે ક્રિકેટ સ્પર્ધામાં મુંબઈની બહારની સંસ્થાઓને પણ આવકારી ફલક વિસ્તારીએ. ઘટમાં થનગની પહેલા ઘોડા માટે મફતલાલ બાથમાં ઇન્ડોર ગેમ્સનું આયોજન કર્યુ. જેમાં આબાલ વૃધ્ધ સ્ત્રી-પુરૂષોએ મોટી સંસ્થામાં ભાગ લઇ આનંદ છલકાવી દીધો. મફતલાલે બાથની જગ્યાની મંજૂરી મેળવવા માટે મદદરૂપ થવા બદલ શ્રી બંસીલાલ શાહ (ગોલ્ડ ફિલ્ડ લેધર વર્કસવાળા) નો વ્યકિતગત રીતે હું તથા સંસ્થા આભાર માને છે.

નવતર પ્રયોગ તરીકે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત ફીટનેસ ટ્રેઇનર શ્રી મીકીમહેતાના કેન્દ્રના સહકારથી ૩૬૦° હોલીસ્ટીક ફીટનેસ વીથ ન્યુટ્રીશન એન્ડ યોગાનો કાર્યક્રમ કર્યો. રજીસ્ટ્રેશન સમય મર્યાદા પહેલાં જ ફૂલ થઇ ગયું. **કન્વીનર શ્રી મેહુલભાઈ જે. શાહ**ની મહેતન કાબીલેદાદ હતી.

ભૂલેશ્વરના મોટા મંદિરની કીર્તન મંડળીને બોલાવી હોળીના રસિયાના રંગ-સુગંધભર મસ્તીભર્યા કાર્યક્રમમાં નટખટ કાન્હા અને રાધા બની સૌ ગમતીલા ગુલાલે રંગાયા. **કન્વીનર ઉપપ્રમુખશ્રી અમિતભાઈ સી. શાહ**ના તોફાની છંદે ડોલરીયો રંગ રાખ્યો.

સંપૂર્ણ પ્રોફેશનલ રીતે ગુજરાતી સુગમ સંગીતના નીવડેલા ગાયકો શ્રી આલાપ દેસાઇ, રેખા ત્રિવેદી, બીજલ પારેખ અને સંનિધ શાહ તથા સંચાલક શ્રી મુકેશ જોષી અને સંકલન શ્રી હિતેન આણંદપરા એ કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે **"આ નભ ઝૂકયું તે કાનજી"**, નામક મિસરી મધુર કાર્યક્રમમાં જે ગોકુલ-વૃંદાવન ખડું કર્યું હતું, તે તો માણનાર જ જાણે. સાથે જ બાલકૃષ્ણના પારણા શણગારની સ્પર્ધા અને **"કૃષ્ણ મારી દષ્ટિએ"** નિબંધ સ્પર્ધા એ ત્રિરંગી કાર્યક્રમમાં અનેરા ઓજસ પાથર્યા.

એક જ બાબતમાં ઓરતા અધૂરાં રહ્યાં. સાહિત્ય શોખીન જ્ઞાતિજનો માટે Mass નહીં પણ Class ના સહકારની અપેક્ષા સાથે Pen Club નો વિચાર વહેતો મૂક્યો હતો. તેમ જ ઉચ્ચ સાહિત્યકાર અને ભવન્સ સંસ્થાના સ્થાપક શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે તેમના પુસ્તકોનાં અવલોકન / રસાસ્વાદ Book Review Bulletin નું આયોજન કર્યું હતું. પણ પ્રોત્સાહક પડઘો ન પડયો. આ ક્ષેત્રની નિષ્ક્રિયતાનો બરફ ન તોડાયો. ખેર ! ફરી કયારેક !

જામ પેઠે ગમ બધાં પીતો રહ્યો, જિંદગી જાણે સુરાલય હોય છે :
શક્યતાનો રોજ તોડું છું બરફ, લક્ષ્ય મારું તો હિમાલય હોય છે.

મારા કાર્યકાળ દરમ્યાન મને સાથ-સલાહ-સૂચનો આપનાર ટ્રસ્ટીશ્રીઓ, ઓફિસ બેરર્સ, કન્વીનર્સ, કારોબારી સમિતિ અને સર્વ સભ્યોનો આભાર. પ્રત્યેક કાર્યક્રમમાં ઉમળકાભેર હાજરી આવનાર જ્ઞાતિજનોનો આભારી છું. સ્પોન્સરર્સ સર્વશ્રી શ્રી વિનોદભાઈ શાંતિલાલ શાહ, શ્રી સન્મુખભાઈ મોહનલાલ શાહ, શ્રીમતી ભારતીબેન ભરતભાઈ શાહ, શ્રી ભરતભાઈ કનુભાઈ શાહ, શ્રી ચંદ્રકાંતભાઈ ઓચ્છવલાલ શાહ, શ્રી અશોકભાઈ ઓચ્છવલાલ શાહ અને એક અનામી સન્મિત્ર અને શ્રીમતી અરૂણાબેન કિર્તનલાલ શાહ અને કિર્તનલાલ છોટાલાલ શાહનો હું તથા સંસ્થા આભાર માને છે. એકાઉન્ટસ તેયાર કરવામાં મદદરૂપ થનાર શ્રી વિજયભાઈ સી. શાહ (નાનુભાઇ) તથા ઓડીટર શ્રી મનોજભાઈનો ખૂબ ખૂબ આભાર. રજીસ્ટ્રેશન તથા બંધારણ પુનર્ગઠન સમિતિના સભ્યો શ્રી ભરતભાઈ કનુભાઇ શાહ, શ્રી વિનોદભાઇ શાંતિલાલ શાહ, શ્રી ચંદ્રકાંતભાઈ નટવરલાલ શાહ, શ્રી હિતેન્દ્રભાઈ બંસીલાલ ગાંધી, શ્રી અમિતભાઇ સી. શાહ, શ્રી જીગ્નેશભાઇ એસ. શેઠનો આભારી છું. શ્રી ખડાયતા ભુવન મંડળ તથા ખડાયતા યુવક (માસિક)નો આભારી છું. માતા-પિતાના આશીર્વાદ વગર કશું શક્ય નથી. માતા અરૂણાબેન તથા પિતા કીર્તનલાલના સંસ્કારોને ઉજાગર કરવાની કોશિશ હંમેશા રહી છે. પત્ની ભ્રાંતિ અને પુત્રો ડો. પાર્થ તથા ચિ. સંનિધના નિરપેક્ષ પ્રેમે મારા તરંગોને નિભાવ્યા છે.

શ્રી ખડાયતા યુવક સંઘ વધુ ને વધુ પ્રગતિ કરે. જ્ઞાતિનો યુવાવર્ગ વધુ મોટી સંખ્યામાં સહભાગી થાય. મેમ્બરશીપ વધે એવી શુભેચ્છા. સંસ્થાનું કાર્યક્ષેત્ર અખિલ ભારતમાં વિસ્તરે એવી મહેચ્છા. નવા પ્રમુખ અને નવી ટીમને શુભકામના.

.. તો મિત્રો, રજા ત્યારે હવે દિલબર, અમારી વાત થઇ પૂરી. લિ.

ઝંખના પણ ક્યાં સુધી કરવી ઘટે ?
આખરે તેની નિયત વય હોય છે.

અશ્વિની શાહ


ના જય શ્રીકૃષ્ણ

**નોંધણી પ્રમાણપત્ર (ક્રમાંક ૨૬૬૬)**
નોંધ : મહારાષ્ટ્ર રાજય સંસ્થા નોંધણી અધિનિયમ ૧૮૬૦ મુજબ
સંસ્થાની નોંધણી તા.૧૧.૧૨.૨૦૧૨ના રોજ થઇ છે.



## કાર્યક્રમ નં. ૧. તા. ૨૫.૧૨.૨૦૧૨, રવિવાર
## ક્રીસમસ ક્રેઝી પીકનીક, એલીફન્ટા કેવ્ઝ





નવા રૂપરંગ સાથે વિકસેલ ઘારાપૂરી ટાપુ (એલીફન્ટા ગુફા) ની પીકનીક ક્રિસમસ મૂડમાં સૌએ માણી. બૌધ્ધ ગુફાઓ, શિવાજીની તોપો અને વનશ્રીની તાજી તરબતર સુગંધ ૮૩ સભ્યોએ મેરી ક્રિસમસ કહેતા સાંતાક્લોઝના સથવારે સંઘરી લીધી.

ગેટ-વે-ઓફ ઇન્ડીયા પર ભેગા થયેલા સર્વે પર્યટકોને ગરમાગરમ સમોસા અને ગાંઠીયા સાથે બીસલેરીની બોટલ આપીને પ્રવાસનો કાર્યક્રમ શરૂ કર્યો હતો. Vegetarian Hotel માં અગાઉથી નક્કી કર્યા મુજબ, સુંદર, ભોજન કરાવ્યું હતું. ઉપપ્રમુખ શ્રી જીજ્ઞેશભાઇએ સાંતાક્લોઝ બનીને સર્વેને આનંદ કરાવ્યો હતો. બાળકો માટે, કપલ માટે તેમ જ સૌ સાથે રમી શકે તેવી રમતો ધમાલ મસ્તીથી રમાડી હતી. પાછા ફરતા ચા-નાસ્તો, બોટમાં આપ્યાં હતાં. ને અંતાક્ષરી રમતા ખૂબ આનંદ કરાવ્યો હતો.



આવક : ૨૪૯૦૦/-, જાવક - ૪૫૧૫૬/-, કુલ ખર્ચ : ૨૦૨૫૬/-

## કાર્યક્રમ નં. ૨. તા. ૨૯.૦૧.૨૦૧૨ અને તા.૦૫.૦૨.૨૦૧૩
## રવિવાર, આંતર એકડા ક્રિકેટ સ્પર્ધા

જ્ઞાતિના યુવા ક્રિકેટરોને પ્રોત્સાહન આપવા આ વર્ષે પણ જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૨માં શિવાજી પાર્ક ખાતે આંતર એકડા ક્રિકેટ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં છ ટીમો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બન્ને દિવસ દરમિયાન સર્વે ખિલાડીઓને Fruits સાથે સંપૂર્ણ ભોજન આપવામાં આવ્યું હતું. સાથે Medical Kit ની વ્યવસ્થા રાખવામાં આવી હતી.



**ભાગ લેનાર સંસ્થાઓ**

શ્રી જનોડ એકડા ખડાયતા કેળવણી મંડળ
શ્રી મોડાસા એકડા ખડાયતા સમાજ - ડોંબીવલી
શ્રી મોડાસા એકડા દશા ખડાયતા સમાજ
શ્રી સૌરાષ્ટ્ર એકડા ખડાયતા સમાજ
શ્રી મોડાસા એકડા વિશા ખડાયતા સમાજ
શ્રી નડીઆદ એકડા ખડાયતા સમાજ


**સ્થળ** : શિવાજી પાર્ક, દાદર
**વિજેતા ટીમ** : મોડાસા એકડા વિશા ખડાયતા સમાજ,
**રનર-અપ ટીમ** : સૌરાષ્ટ્ર એકડા ખડાયતા સમાજ

તદ્ઉપરાંત બેસ્ટ બેસ્ટમેન-બોલર-ફિલ્ડર-મેન ઓફ ધ મેચ ને ઇનામ સાથે ટ્રોફી આપવામાં આવી હતી.

કન્વીનર : અશ્વિનભાઇ કે. કોઠારી

આવક : ૩૨૭૦૦/- જાવક : ૪૯૭૯૦/- કુલ ખર્ચ : ૧૭,૦૦૦/-

## કાર્યક્રમ નં.૩, તા. ૦૫.૦૩.૨૦૧૨, સોમવાર
## હોલી હે, રસીયાનો કાર્યક્રમ



નટખટ કાનુડા અને રિસાતી રાધાનાં મદમાતા નખરાં ને રજૂ કરતાં પદો - મોટા મંદિરના કિર્તનીયાઓના સથવારે હોળીના રસિયા કાર્યક્રમમાં આકંઠ માણ્યાં. કેસરી વાઘામાં સજ્જ જ્ઞાતિજનો અને વિશેષ સ્ત્રીવર્ગનો આનંદ ચોતરફ ફેલાયેલા ગુલાબ, ચંપા અને મોગરાના ફૂલોની પરિમલ સાથે પ્રસરી રહ્યો.



સૌ રસિયાઓને ચટપટી વિવિધ કૃષ્ણચાટ અને ઠંડાઇ- ગુલાલ ભર્યા રંગીન વાતાવરણમાં પીરસવામાં આવ્યા હતાં.


**કન્વીનર : અમિતભાઇ સી. શાહ (ઉપપ્રમુખ)**

**શુભેચ્છક : શ્રીમતી અરૂણાબેન કિર્તનલાલ શાહ (૫૦૦૧/-)**

આવક : ૮૨૫૧/- જાવક : ૧૮,૨૫૧/-

કુલ ખર્ચ : ૧૦,૦૦૦/-

## કાર્યક્રમ નં.૪, તા. ૨૪.૦૪.૨૦૧૨, શનિવાર
## ઇન્ડોર ગેમ્સ



મફતલાલ બાથ (ચોપાટી) ના અદ્યતન A.c. Tennis Court - Badminton & Carrom Rooms માં યુવા વર્ગ-તેમજ Young at Heart જ્ઞાતિજનો માટે ઇન્ડોર ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો સૌએ મૈત્રીભરી સ્પર્ધાથી આનંદ લીધો.

**શ્રી બંસીલાલ રતિલાલ શાહ (ગોલ્ડ શિલ્ડ લેધર વર્ક્સવાળા) ના સહકારથી આયોજન થઇ શક્યું.**

**કન્વીનર : શ્રી પ્રેમલભાઇ આર. પરીખ**

**શુભેચ્છક : શ્રી વિનોદભાઇ શાંતિલાલ શાહ રૂા. ૧૦,૦૦૦/-**



સાથે ચોપાટી પર આવેલ H2O Club માં વિવિધ Watersports નો આનંદ શ્રી પુરંજય શાહના સહકારથી સૌ Discount Rate માં માણ્યો.

ઇન્ડોર ગેમ્સમાં ભાગ લેનાર તેમ જ પ્રેક્ષકોએ Bath Canteen નાં Tasteful Food Package & Cold drinks નો આનંદ માણ્યો હતો. અને જીતનાર સર્વે રમતવીરને Trophy આપી પ્રોત્સાહિત કર્યા હતાં.

આવક :-૧૫૨૫૦/-જાવક :-૨૧૪૮૦/- કુલ ખર્ચ :-૬૨૩૦/-

## કાર્યક્રમ નં.૫, તા. ૦૩.૦૬.૨૦૧૨, રવિવાર
## મીકી મહેતા ૩૬૦° જીમ્નેસ્ટિક, & Yoga with Nutritions



આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મિકી મહેતાના સહયોગથી જ્ઞાતિજનોની શારીરિક સ્ફુર્તિ માટે એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેને સૌએ કાર્યક્રમમાં ઉમળકાભેર ભાગ લઇને વધાવી લીધો. Yoga, Meditation, Stress Management, માનસિક સંતુલન, ખોરાકની પૌષ્ટિકતા ન્યુટ્રીશયન વગેરેને આવરી લેતો કાર્યક્રમ તેમજ લાઇફ સ્ટાઇલ પ્રમાણે સલાહ સૂચનના આ ઉત્તમ અવસરને સૌએ માણ્યો. ઉપસ્થિત સૌને બપોરે ડાયટ ભોજન આપવામાં આવ્યું.

કન્વીનર : શ્રી મેહુલભાઇ જે. શાહ

શુભેચ્છક : (૧) શ્રી ચંદ્રકાંત ઓચ્છવલાલ શાહ - કાંદીવલી (૧૫૦૦૦/-)
(૨) શ્રી અશોકભાઇ ઓચ્છવલાલ શાહ - બોરીવલી (૧૦૦૦૦/-)
(૩) એક વૈષ્ણવ તરફ થી - (૧૦૦૦૦/-)

આવક : ૪૭૭૦૦/- જાવક : ૪૪૧૫૭/-
કુલ બચત : ૩૫૪૩/-













## કાર્યક્રમ નં. ૯, તા.૦૫.૦૮.૨૦૧૨, રવિવાર
## જન્માષ્ટમી :- "આ નભ ઝૂકયું તે કાનજી"






જન્માષ્ટમી નિમિત્તે એક સુંદર ત્રિરંગી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧. "કૃષ્ણ મારી દ્રષ્ટિએ" વિષય (પહેલેથી આપી દિધેલ) પર નિબંધ સ્પર્ધા

૨. બાળકૃષ્ણના પારણાને શણગારવાની સ્પર્ધા.

૩. "આ નભ ઝૂક્યું તે કાનજી" સંગીતમય રાધાકૃષ્ણમય શ્રીનાથજી, શ્રી યમુનામહારાણી, શ્રી વલ્લભમય ઉત્તમોતમ કાર્યક્રમ

વ્યાવસાયીક સંગીતકારો આલાપ દેસાઇ - રેખા ત્રિવેદી - બિજલ પારેખ - સન્નિધ શાહ - મુકેશ જોષી એ સંગીતમય અને સાહિત્યીક જે ઉચ્ચતા દર્શાવી - તે ન માણી શકનારાને જરૂર કશુંક ગુમાવ્યાનો વસવસો રહી ગયો. ખડાયતા-ભુવન પાર્લામાં ઉભા કરેલા ગોકુલગામમાં ત્રણ-ત્રણ કલાક સુધી તરબોળ જ્ઞાતિજનો સ્વયંસ્ફુર્ત રાસ ગરબામાં ઝૂમ્યા. જન્મોત્સવના માખણ-મિસરી સહિત દૂધપાક પુરીના મિષ્ટ ભોજન લઇ સૌ વેણુમય વાતાવરણમાં વિખરાયા.



**પારણા સ્પર્ધા**

પ્રથમ ઇનામ : શ્રીમતી મમતાબેન વિજયભાઇ શાહ

બીજું ઇનામ : શ્રીમતી જયશ્રીબેન અનિલભાઈ શાહ

**નિબંધ સ્પર્ધા**

પ્રથમ ઇનામ : શ્રીમતી અમીતા જયેશ શાહ

બીજું ઇનામ : શ્રીમતી હેમા મેહુલ શાહ



તમને સરનામું પૂછો છો શ્યામનું ?
કરો C/o. રાધાના નામનું

**શુભેચ્છકો**

શ્રી સન્મુખભાઇ મોહનલાલ શાહ-પ્રમુખ
(શ્રી ખડાયતા ભુવન-મંડળ મુંબઇ) : રૂા. ૭૫૦૦/-
શ્રીમતી પ્રેમીલાબેન ભરતભાઇ શાહ તથા
શ્રીમતી તેજલબેન ભાવેશભાઇ શાહ : રૂા.૧૧,૦૦૦/-
શ્રીમતી ભારતીબેન ભરતભાઈ પરીખ : રૂા.૧૧,૦૦૦/-
(પ્રમુખશ્રી ખડાયતા સ્ત્રી મંડળ)
હેમાલી નિમેષભાઇ પરીખ
શ્રી વિજયભાઇ ચંપકલાલ શાહ : રૂા. ૩,૦૦૦/-
શ્રી કિર્તનલાલ છોટાલાલ શાહ : રૂા. ૫,૦૦૦/-

આવક : ૫૪,૯૦૦/- જાવક : ૧,૦૬,૭૮૫/-
કુલ ખર્ચ : ૫૧,૮૮૫/-

સંસ્થાના રજીસ્ટ્રેશન તેમજ નવા સુધારિત બંધારણ માટે પ્રમુખ શ્રી યોગેશભાઇ શાહે સભામાં સુચન કરી સમિતીઓ રચી હતી. સંસ્થાના રજીસ્ટ્રેશન માટે શ્રી અનિલભાઇ કે. શાહ (C.A.) ની કન્વીનર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. તેમના સતત પ્રયત્નોથી સંસ્થા રજીસ્ટર્ડ થઇ ચૂકી છે. બંધારણ સુધારા સમિતીના કન્વીનર તરીકે શ્રી ભરતભાઇ કનુભાઇ શાહની નિમણૂંક કરવામાં આવી હતી. નવું બંધારણ આ અહેવાલ સાથે આપવામાં આવેલું છે. બન્ને સમિતીઓનો ખૂબ ખૂબ આભાર.

**સંસ્થા રજીસ્ટ્રેશન સમિતી :-**

૧) શ્રી અનિલભાઈ કાંતિલાલ શાહ (C.A.) **(કન્વીનરશ્રી)**
૨) શ્રી યોગેશભાઈ કિર્તનલાલ શાહ (પ્રમુખશ્રી)
૩) શ્રી વિનોદભાઈ શાંતિલાલ શાહ (ટ્રસ્ટીશ્રી)
૪) શ્રી ચંદ્રકાંત નટવરલાલ શાહ (ભૂતપૂર્વ ટ્રસ્ટીશ્રી)
૫) શ્રી જીજ્ઞેશભાઈ શાંતિલાલ શેઠ (ઉપપ્રમુખશ્રી)

**બંધારણ સુધારા સમિતી**

૧) શ્રી ભરતભાઈ કનુલાલ શાહ **(કન્વીનરશ્રી)**
ી યોગેશભાઈ કિર્તનલાલ શાહ (પ્રમુખશ્રી)
ી હિતેન્દ્રભાઈ બંસીલાલ ગાંધી (C.A.) (ટ્રસ્ટીશ્રી)
ી ચંદ્રકાંત નટવરલાલ શાહ (C.A.) (ભૂતપૂર્વ ટ્રસ્ટીશ્રી)
૫) શ્રી અમીતભાઈ સી. શાહ (ઉપપ્રમુખશ્રી)

ાવૃત્તિમય આ સુંદર વર્ષની શરૂઆત પ્રમુખશ્રીએ સૌને ગોલ્ડન સ્ટાર રેસ્ટોરન્ટમાં પ્રીતિ ભોજનથી કરાવી હતી.

## આભાર દર્શન

- પ્રમુખશ્રીનો વિવિધ કાર્યક્રમમોમાં દોરવણી, સક્રિય સહભાગ અને માર્ગદર્શન બદલ.
  તથા માજી પ્રમુખશ્રીઓનો માર્ગદર્શન બદલ.
- મીટીંગો અને કાર્યક્રમો માટે કન્સેશનલ દરે જગ્યા / હોલ ઉપલબ્ધ કરાવી આપવા બદલ શ્રી ખડાયતા ભુવન મંડળનો.
- સંસ્થાના અહેવાલો તથા પરિપત્રો વગેરેની વિગતો છાપવા બદલ ખડાયતા યુવક (માસિક) નો
- વર્ષ દરમ્યાન કાર્યક્રમ માટે સ્પોન્સર્સ અને દાતાઓનો સહાય બદલ.
- ઉપપ્રમુખો, ખજાનચી, વિવિધ કાર્યક્રમના કન્વીનરો તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોનો સહકાર બદલ.
- દરેક કાર્યક્રમ સફળ બનાવવા હંમેશા ઉમળકાભર્યા સહકાર સાથે પુરતી સંખ્યામાં હાજર રહી ઉત્સાહને વધારનાર સૌ જ્ઞાતિ ભાઇ-બહેનોનો.
- વર્ષ દરમ્યાન સંસ્થાના સરક્યુલર તથા અહેવાલ સુંદર રીતે છાપી આપવા બદલ મેનહટન ગ્રાફીક્સના ગોપાલભાઇ શાહ નો આભાર.

લી. મંત્રીશ્રીઓ

શ્રી મયુર કે. શાહ    શ્રી પ્રેમલ કે. શેઠ    શ્રી ગોપાલ આર. શાહ

# MANOJ O.SHAH & CO

**CHARTERED ACCOUNTANTS**

A/2, ANAND SARITA, ANAND NAGAR, Off: M.G.ROAD, KANDIVLI(WEST),
MUMBAI-400 067 TEL: (O) 28616827 (M) 98214 70457


## AUDITORS' REPORT

I have audited the attached Balance Sheet of Shri Khadayata Yuvak Sangh as at 31st March 2012 and also the Income & Expenditure account for the year ended on that date annexed thereto. These financial statements are the responsibility of the Institution's Management. My Responsibility is to express an opinion on these financial statements based on my audit.

I have conducted my audit in accordance with auditing standards generally accepted in India. Those standards require that I plan and perform the audit to obtain reasonable assurance about whether the financial statements are free of material misstatement. An audit includes examining, on a test basis, evidence supporting the amounts and disclosures in the financial statements. I believe that my audit provides a reasonable basis for my opinion.

Subject to my comments in the notes annexed with my report, I report that:

(i) I have obtain all the information & explanations, which to the best of my knowledge and belief, were necessary for the purpose of my audit;

(ii) In my opinion, proper books of accounts have been kept by the Institution so far as appears from my examination of those books.

(iii) The Balance sheet and Income & Expenditure account dealt with by this report are in agreement with the books of account.

(iv) In my opinion and to the best of my information and according to the explanations given to me, the said accounts, subject to the notes thereon, give a true and fair view: -

(a) In the case of the balance sheet of the state of the affairs of the Institution as at 31st march 2012, and

(b) In the case of the Income & Expenditure account of the Deficit of the Institution for the year ended on that date.

**For MANOJ O.SHAH & CO**
**CHARTERED ACCOUNTANTS**

Place : Mumbai
Date : 23rd February,2013

**MANOJ O.SHAH**
**(PROPRIETOR)**

# SHRI KHADAYATA YUVAK SANGH

## SIGNIFICANT ACCOUNTING POLICIES & NOTES FORMING PART OF THE ACCOUNTS FOR THE YEAR ENDED ON 31ST MARCH 2012

### 1. SIGNIFICANT ACCOUNTING POLICIES :

**i) Method of Accounting**

Generally Mercantile System of accounting employed unless otherwise stated. However Interest Income was accounted on Receipt Basis.

**ii) Investments :** Investments are stated at cost.

### 2. NOTES ON ACCOUNTS :

a) spect of many expenses supportive external vouchers were not able; hence the same is taken as certified by the President.

b) The Institution is not registered under The Bombay Public Trust Act, 1950 & The Income Tax Act, 1961.

For MANOJ O.SHAH & CO
CHARTERED ACCOUNTANTS

Place : Mumbai
Date : 23rd February,2013

MANOJ O.SHAH
(PROPRIETOR)

## SHREE KHADAYATA YUVAK SANGH
### INCOME AND EXPENDITURE ACCOUNT FOR THE PERIOD ENDING 31ST MARCH 2012

| | EXPENDITURE | 31.03.2012 | | INCOME | 31.03.2012 |
|---|---|---|---|---|---|
| TO | AUDIT FEES | 2,500.00 | BY | INTEREST INCOME | 47,191.00 |
| " | MEETING EXPENSES | 500.00 | " | BIRTH DAY DONATIONS | 132.00 |
| " | A.G.M. EXPENSES | 13,133.75 | " | MISC.INCOME | 125.00 |
| " | PROFESSIONAL FEES | 4,000.00 | " | EXCESS OF EXPENDITURE OVE INCOME | 82,749.75 |
| " | COURIER EXPENSES | 30.00 | | | |
| " | PRINTING & STATIONERY | 5,686.00 | | | |
| " | T.D.S. | 7,416.00 | | | |
| " | GENERAL EXPENSES | 80.00 | | | |
| " | PROGRAMME EXPENSES (NET) | | | | |
| | A.D.SHAH PENCILWALA | 250.00 | | | |
| | ELEPHANTA PICNIC | 20,256.00 | | | |
| | GOLDEN PERIOD OF INV | 7,356.00 | | | |
| | INTER EKDA CRICKET | 17,000.00 | | | |
| | KALA AKAR PROGRAMME | 40,595.00 | | | |
| | MONSSON MAGIC | 1,395.00 | | | |
| | RANG RASIA | 10,000.00 | | | |
| | TOTAL Rs. | 130,197.75 | | TOTAL Rs. | 130,197.75 |

AS PER MY REPORT OF EVEN DATE
FOR MANOJ O SHAH & CO.
CHARTERED ACCOUNTANTS

FOR SHREE KHADAYATA YUVAK SANGH

MANOJ O SHAH (PROP)

PRESIDENT SECRETARY TREASURER

PLACE: MUMBAI
DATE : 23/02/2013

**SHREE KHADAYATA YUVAK SANGH**
**BALANCE SHEET AS AT 31ST MARCH 2012**

| FUNDS & LIABILITIES | | 31-03-2012 | PROPERTY & ASSETS | | 31-03-2012 |
|---|---|---|---|---|---|
| **CORPUS FUND** | | | **INVESTMENTS** | | |
| OP.BAL B/F | 543548.00 | | FD WITH HDFC | 365000.00 | |
| ADD : LIFE MEMBERSHIP FEES RECV | 3159.00 | | FD WITH UNION BANK | 135000.00 | |
| ADD : PATRON MEMBERSHIP FEES RECV | 12520.00 | 559227.00 | FD WITH BANK OF BARODA | 95000.00 | 595000.00 |
| **AMRUTLAL D.SHAH VPP FUND** | | | | | |
| OP.BAL B/F | 74223.00 | | **DEPOSITS & ADVANCES** | | |
| LESS : TR TO A.D.SHAH BOOK EXPENSES | -9740.00 | 64483.00 | ADVANCE TO KHY.BHUVAN | | 2206.00 |
| | | | (FOR MICKY MEHTA PROGRAMME) | | |
| **CHIMANLAL SUTARIA P S FUND** | | | **CASH & BANK BALANCE** | | |
| OP.BAL B/F | 179086.00 | | | | |
| LESS : TR.TO C.S.P.S. EXPENSES | -74228.00 | 104858.00 | UNION BANK SB A/C | 75026.90 | |
| | | | BANK OF BARODA SB A/C | 33949.50 | |
| **PRIZE DISTRIBUTION FUND** | | | CASH IN HAND | 114.00 | 109090.40 |
| OP.BAL B/F | | 6000.00 | | | |
| | | | **INCOME & EXPENDITURE A/C** | | |
| **KANTILAL H.SHAH IV FUND** | | | OP.BAL B/F | -50978.15 | |
| OP.BAL B/F | | 1000.00 | ADD : DEFICIT DURING THE YEAR | 82,749.75 | 31771.60 |
| **CURRENT LIABILITIES :** | | | | | |
| AUDIT FEES PAYABLE (2011-12) | | 2500.00 | | | |
| TOTAL Rs. | | 738068.00 | TOTAL Rs. | | 738068.00 |

AS PER MY REPORT OF EVEN DATE
FOR MANOJ O SHAH & CO.
CHARTERED ACCOUNTANTS

FOR SHREE KHADAYATA YUVAK SANGH

MANOJ O SHAH (PROP)
PLACE MUMBAI
DATE 23/02/2013

PRESIDENT SECRETARY TREASURER
PLACE MUMBAI
DATE 23/02/2013

# Shree Khadayata Yuvak Sangh

## Details of FDR as on Mar 12

| Sr No | Bank | FDR No | Amount | Deposit Date | Period | Interest Rate | Maturity | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | HDFC Ltd | 907668 | 120,000.00 | 08/03/2011 | 45 mts | 7.55% | 08/12/2013 | |
| 2 | HDFC Ltd | 1168057 | 35,000.00 | 05/01/2011 | 33 mts | 9% | 05/10/2013 | |
| 3 | HDFC Ltd | 12235456 | 50,000.00 | 18/11/2011 | 33 mts | 9.80% | 18/08/2014 | |
| 4 | HDFC Ltd | 12234480 | 40,000.00 | 21/11/2011 | 33 mts | 9.80% | 21/08/2014 | |
| 5 | HDFC Ltd | 11969509 | 40,000.00 | 04/04/2012 | 15 mts | 10% | 04/07/2013 | |
| 6 | HDFC Ltd | 11969554 | 40,000.00 | 04/04/2012 | 15 mts | 10% | 04/07/2013 | |
| 7 | HDFC Ltd | 11969561 | 40,000.00 | 04/04/2012 | 15 mts | 10% | 04/07/2013 | |
| 8 | B O B | 455826 | 25,000.00 | 22/03/2009 | 24 mts 20 | 9% | 11/04/2011 | Renewed |
| 9 | B O B | 456958 | 70,000.00 | 21/04/2010 | 36 mts | 7% | 21/04/2013 | |
| 10 | U B I | 302118 | 10,000.00 | 25/07/2010 | 36 mts | 7.25% | 25/07/2013 | |
| 11 | U B I | 30220118 | 40,000.00 | 29/07/2010 | 36 mts | 7.25% | 29/07/2013 | |
| 12 | U B I | 208278 | 35,000.00 | 28/03/2011 | 36 mts 4 d | 9.15% | 01/04/2014 | |
| 13 | U B I | 275373 | 50,000.00 | 20/01/2008 | 36 mts | 10% | 20/11/2011 | Renewed |
| | | | 595,000.00 | | | | | |

## શ્રી ખડાયતા યુવક સંઘ
## ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છા

શુદ્ધ વ્યવહાર અને અતૂટ વિશ્વાસ,
વ્યવસાયના બે આધાર સ્થંભ,
અને તેના આધારે જ થાય વ્યાપારે વૃધિ,
ઊભયે પક્ષે પ્રગટે સુખ શાંતિને સમૃધ્ધિ એજ શુભ કામના સહ
આપને અને આપના સ્વજનોને અભિનંદન.
સુખ પ્રાપ્ત કરવું તે જીવનનું અંતિમ ધ્યેય છે
વિશ્વાસ એ સારાયે વિશ્વનો શ્વાસ છે,
આવો વિશ્વાસ જો કેળવશો તો સદાય સુખના સાગરમાં તરશો.

# MANHATTAN GRAPHICS
# MANHATTAN PRINTERS

**Commercial Art Printers**
**A to Z Printing Solutions**

**WE HAVE DONE PRINTED JOB OF**
**(1) KHADAYATA YUVAK (MASIK) SINCE LAST 6 YEARS.**
**(2) SHREE JANOD EKDA KHADAYATA KELVANI MANDAL SINCE LAST 8 YEARS**
**(3) SHREE JANOD EKDA KHADAYATA STREE MANDAL**

**Gopalbhai Rajnikant Shah**

એ-૫/૪, ભાદરણ નગર, એસ.વી.રોડ, મલાડ (વેં), મુંબઇ-૬૪.
ફોન : ૯૮૧૯૧ ૬૮૭૫૬, ૯૫૯૪૩ ૮૫૦૦૪, ૯૭ ૬૯૬૯ ૧૩૪૪
E-mail : manhattan_74@rediffmail.com • manhattan_74@ymail.com

# પરમ સમીપે

હે પરમ પ્રભુ,

અમારા વિચારોને એટલા ઉદાર કરો કે
બીજા માણસનું દષ્ટિબિંદુ અમે સમજી શકીએ.

અમારી લાગણીઓને એટલી મુક્ત કરો કે
બીજાઓ પ્રત્યે અમે તેને વહાવી શકીએ.

અમારા મનને એટલું સવેદનશીલ કરો કે
બીજાઓ ક્યાં ધવાય છે તે અમે જોઈ શકીએ.

અમારા હ્રદયને એટલું ખલ્લું કરો કે
બીજાઓનો પ્રેમ અમે ઝીલી શકીએ.

અમારા ચિત્તને એટલું વિશાળ કરો કે
પોતાના ને પારકાના ભેદથી ઉપર ઊઠી શકીએ.

હે પરમાત્મા,

અમારી દષ્ટિને એટલી ઉજજવળ કરો કે
જગતમાં રહેલાં તમારાં સૌદર્યો ને સત્યો
અમે નીરખી શકીએ
અમારી ચેતનાને એટલી સૂક્ષ્મ કરો કે
તમારા તરફથી અનેકવિધ રૂપમાં આવતા
સંકેતો પારખી શકીએ
અને તમારું માર્ગદર્શન પામી શકીએ.

# ખડાયતા યુવક સંઘ ના વિવિધ કાર્યક્રમોની ઝલક

















